Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

# 'દાંડીકૂચ' એક ઐતિહાસિક સત્યાગ્રહ

**Sejalben R. Patel**
PhD Scholar in History;
MSW (Gold Medalist) M.A., M.Phil (Gold Medalist)
66 Om Nivas, Chunikaka Park, Deesa
Email ID : sejal1989.srp@gmail.com
Hemchandracharya North Gujarat University, Patan

## સારાંશ

વિશ્વના દેશોએ સ્વતંત્રતા પ્રાપ્તિ માટે જે માર્ગ અપનાવ્યો એના કરતાં ભારતે અલગ જ માર્ગ અપનાવ્યો. તેથીજ વિશ્વના ઇતિહાસમાં આ સ્વાતંત્ર્યસંગ્રામ અનોખો ગણાય છે. આઝાદીની જે લડતો ભારતમાં થઈ, તેમાં મહાત્મા ગાંધીજીની ૧૯૩૦ની દાંડીકૂચનું વર્ષ યાદગાર છે. આ પહેલાં સ્વરાજ મેળવવા માટે અનેક લડતો થઈ, પરંતુ દેશનું હીર પ્રગટ કરે અને બ્રિટીશ સલ્તનતના મૂળિયાં હચમચાવી નાખે તેવી લડતો " મીઠા સત્યાગ્રહ " ની જ થઈ. ગાંધીજીએ ૮૧ સાથીઓ સાથે અમદાવાદના સાબરમતી આશ્રમથી સુરત જિલ્લાના દાંડી ગામ સુધી પગપાળા ૨૪૫ માઇલનો પ્રવાસ ખેડી અને ત્યાં દરિયા કિનારે ચપટી મીઠું ઉઠાવી, બ્રિટિશ સરકારના આ અન્યાયી કાયદાનો ભંગ કર્યો. અને તે પછી ઘણી જગ્યાએ મીઠાના અન્યાયી કાયદાનો વિરોધ થયો.

આજે પણ જેને આ દાંડીકૂચ જોઈ હતી, તેની આંખોમાં યાદ બનીને રહી ગઈ છે. એક મુઠ્ઠી મીઠું ઉઠાવીને આ અન્યાયી કાયદો મહાત્માએ ભંગ કર્યો, એ પણ લોકોના માનસપટ પર અસર કરી ગયો છે. પ્રજામાં ગાંધીજીએ અનેરું સાહસ અને ચેતના પ્રગટાવી, આ ચેતનાએ બ્રિટીશ સરકાર સામે બાથ ભીડી, અને એ આવનાર દિવસોમાં આઝાદીના સ્વરૂપમાં જોવા મળી. એક હાડપિંજરના દૂબળા પાતળા વ્યક્તિએ પોતાનું સામર્થ્ય દાંડીકૂચના રૂપ માં બતાવ્યું.

## દાંડીકૂચની પૂર્વ ભૂમિકા

લાહોરમાં વર્ષ ૧૯૨૯માં ડીસેમ્બરની આખરે જવાહરલાલ નહેરુના પ્રમુખ પદે તા.૨૯મી ડિસેમ્બર ની મધ્યરાત્રીએ ગાંધીજીએ રજૂ કરેલો સંપૂર્ણ સ્વતંત્રતાનો ઠરાવ હજારો લોકોના હર્ષનાદ સાથે પસાર થયો. દેશનો આ અંતિમ નિર્ધાર છે. છતાં

E-ISSN No. 2582–046X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

સમાધાનનાં દ્વાર ખુલ્લાં છે. તે વાત સ્પષ્ટ કરવામાં આવી. તે સાથેજ કોંગ્રેસ હિંસામાં માનતી નથી પણ, તે શક્ય હોય ત્યાં ખુલ્લો અને પ્રચંડ અહિંસાત્મક બળવો કરશે એવો પડકાર સરકારને કરાયો.

### ગાંધીજીની ૧૧ શરતો

ગાંધીજીએ ગોળમેજી પરિષદમાં ભાગ લેતાં પહેલા તેમની ૧૧ શરતો મુકી. તેમાં સંપૂર્ણ દારૂબંધી, મીઠાના વેરાની નાબૂદી, હૂંડિયામણમાં ઘટાડો, અડધોઅડધ લશ્કરી ખર્ચમાં ઘટાડો, ઉંચા વર્ગની નોકરીના પગારમાં ઘટાડો, વિદેશી કાપડ ઉપર રક્ષણાત્મક જકાત, દેશપાર કરેલાને હિંદ પાછા ફરવાની પરવાનગી, રાજકીય કેદીઓની મુક્તિ, સી.આઈ.ડી. સંસ્થા નિર્મૂલન કરવી અથવા તો તેના પર પ્રજાનો કાબૂ રાખવો, આત્મરક્ષણ માટે હથીયારોની છૂટ મુકવાનો સમાવેશ થતો હતો. વાયસરોયે તા.૨૫ જાન્યુઆરીએ વડી ધારાસભામાં ભાષણ આપ્યું, તેમાં ગાંધીજીએ મુકેલી શરતોનો ઉલ્લેખ પણ નહોતો. વાયસરોયે ધારાસભામાં તેમની  એકપણ બાબતની ચર્ચા કરી નહિ. પરિણામે ૧૪ ફેબ્રુઆરી, ૧૯૩૦ના રોજ અમદાવાદમાં કોંગ્રેસની કારોબારીની બેઠક થઈ. તેમાં ગાંધીજી દ્વારા ગાંધી સિધ્ધાંત પર લડત ઉપાડવાનું  નક્કી કરવામાં આવ્યું. આ લડતમાં કોંગ્રેસીઓ અને પ્રજા જે લડત કરશે, તેમા સંપૂર્ણ અહિંસા પાળવાનો, વકીલો અને વિદ્યાર્થીઓને સરકાર સામે સંપૂર્ણ અસહકાર કરવાનો આદેશ આપવામાં આવ્યો.

### લડતની પૂર્વ તૈયારી અને સ્થળ પસંદગી

ગાંધીજીને લડત ઉપાડવાની સર્વ સત્તા સોંપાઈ. મીઠાંના અગરો પર કઈ રીતે હલ્લો કરવો તેની પૂર્વ યોજના વિચરવામાં આવી. તેના માટે સત્યાગ્રહ કાઉન્સીલ રચવામાં આવી. વાયસરોય ને ગાંધીજી આખરીનામું મોકલે, તેનો સહાનુભૂતિ ભર્યો

જવાબ ન મળે તો, માર્ચમાં લડત આપવાનો નિર્ણય લેવાયો, બીજા દિવસે અમદાવાદની રેતીના પટમાં સરદાર, રાજાજી, ડૉ.સત્યપાલ, ડૉ.પટ્ટાભી સિતારામૈયા, રાજેન્દ્રપ્રસાદ, શાર્દુલ સિંહ, જવાહરલાલ નહેરુ, કોંડા વેંકટપિયા, ગંગાધરરાવ દેશપાંડે જેવા દેશના સમર્થ અગ્રણીઓનાં પ્રેરક ભાષણો થયાં, અને તે રીતે લડતનો ઝંડો ફરકાવ્યો. ગાંધીજી દ્વારા આખરીનામું ઘડવામાં આવ્યુ, બીજી બાજુ મીઠાના કયા અગરોએ લડત અપાવી તે તાપસ કરવામાં આવી. ૮૧ આશ્રમ વાસીઓના લડત માટે નામો જોડવામાં આવ્યા, દેશ ભરમાંથી લડતમાં જોડાવા માટે લોકોએ ગાંધીજીને પત્રો લખ્યા. વિદેશીઓનો પણ ટેકો મળ્યો. ઇંગ્લેન્ડના વર્તમાન પત્રોએ આ એક ભયંકર બળવો છે તેવું જણાવ્યુ, જેથી ગાંધીજી અને અગ્રણીઓને જેલમાં પૂરવા જોઈએ તેવી સરકારે સલાહ આપી.

પ્રથમતો ગાંધીજી સાબરમતીથી નીકળી મહીસાગર સુધી પોતાના સાથીઓ સાથે મળીને બદલપુરમાં અગ્નિથી પાણી ઉકાળી ને મીઠું બનાવે એવી યોજના નકકી કરવા માં આવી હતી. બદલપુર સાબરમતીથી ૭૫ માઈલ દૂર હતુ, અને વળી યાત્રા વહેલી ૮ જ દિવસમાં પૂરી થાય તેથી પ્રસાર ઓછો થાય, પરિણામે સુરત જિલ્લાના કાર્યકર કલ્યાણજી મહેતાએ આ યાત્રા દાંડી સુધી લંબાવા જણાવ્યું, આમ છેલ્લે દાંડીની પસંદગી થઈ. તે અંતર ૨૪૧ માઇલ હતું. ઘણો મોટો વિસ્તાર આવરી લેતું હતું.

## સરદારની હાકલ અને તેમની ધરપકડ

સરદારે દાંડી યાત્રાની પૂર્વ તૈયારી રૂપે ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૨૯ના રોજ એક સભા ભરી, તેમાં લોકો સમક્ષ ઐતિહાસિક ભાષણ આપ્યું, “ જગતમાં નહી જોયેલું એવું ધર્મયુધ્ધ શરૂ થાય છે, એમાં એક તરફ બધી સાત્વિક અને ધાર્મિક શક્તિનો અને બીજી

તરફ આસુરી શક્તિનો સંગ્રામ થવાનો છે. રાવણના જમાનાથી આજ સુધી નહોતી એવી રાક્ષસી સામગ્રીવાળી રાજસત્તા આસુરી શક્તિનો ઉપયોગ કરવાની યુધ્ધમાં ધમકી આપી રહ્યું છે. યુધ્ધમાં આપણે પોતે શું ફાળો આપીશું અને કોનો પક્ષ લઈશું તેનો નિર્ણય કરવાનો છે. તમને ખબર હશે અને ન હોય તો હું આપું છું કે, આ દેશ કે પરદેશનો ઈતિહાસ વાંચો, તેમાં ગુજરાતનું નામોનિશાન નથી. તમારાં છોકરાઓને પારકો ઈતિહાસ ભણાવવાનો હોય છે. ગુજરાતીઓ એટલે વેપાર ખેડી ખાનારા, દલાલ, એણે કદી શમશેર ઝાલી નથી, રણ-સંગ્રામ જોયા નથી, તોપના ધડાકા સાંભળ્યા નથી, તડકો-છાંયડો જોયો નથી, એવા ગુજરાતમાં આ ધર્મયુધ્ધ મંડાય છે. એ તમારું સદભાગ્ય છે, ખેડૂતોને અને તેમને હું પૂછું છું કે, ઈશ્વરમાં શ્રધ્ધા છે? ખુદામાં તમે માનો છો? જન્મયા તે મરે છે, એ જાણો છો? નામર્દના મોત કરતાં બહાદુર અને આબરૂદારના મોતે મરતાં શીખો,

આમ આવા ઉગ્ર ભાષણ સાથે લોકોમાં દાંડીયાત્રા માટે જાગૃતિ લાવી. બીજી સભા તેમને ૭મી માર્ચ, ૧૯૩૦ના રોજ મહીસાગરના કાંઠે આવેલા કંકાપુર ગામે સભા યોજી ત્યારે રાસ ગામેથી સરદારની ધરપકડ કરીને ત્રણ માસની સજા કરવામાં આવી. આમ દાંડીયાત્રાના પ્રથમ બલિદાની સરદાર પટેલ બન્યા.

**બહેનોના પ્રશ્ન**

સાબરમતી આશ્રમમાં છેલ્લી સભા ભરાઇ તેમાં બહેનોને દાખલ કરવી કે કેમ તે પ્રશ્ન ઊભો થયો. તે સમયે ગાંધીજીએ કહ્યું, " બહેનોનો વારો પછીથી આવશે, આ વખતે તો મારે આપણા જુવાન તથા આધેડોને માથાં ફોડવાતાં અને છાતીમાં ગોળી ઝીલવતા શીખવવું છે, સરકારને હું શેતાની કહું છું છતાં, બહેનો ઉપર તે લાઠી ગોળી નહિ ચલાવે તેટલી સભ્ય છે, એમ હું માનું છું. એટલે બહેનો દાખલ કરીને ભાઈઓ ને

બચાવી લેવાનો મારો ઈરાદો નથી." પરંતુ, પાછળથી બહેનોએ લડતમાં જોડાવાનો આગ્રહ ચાલુ રાખ્યો, વિજલપુર ગામે બહેનોની સભા મળી હતી અને તેમાં શ્રી કસ્તુરબા અને શ્રી મીઠું બહેન પીટીટની સરદારી હેઠળ સુરત જિલ્લામાં દારૂતાડી અને પરદેશી વસ્તુઓની દુકાનો ઉપર પેકેટિંગ કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. ગુજરાતની બહેનોએ ભારે હિમંતથી આ કામ દીપાવ્યું હતું.

## ૧૧મી માર્ચની સાંજનું ભાષણ અને ભીષ્મ પ્રતિજ્ઞા

આગલી સાંજની પ્રાર્થનામાં ગાંધીજીએ કહ્યું " સાવ સંભવિત છે કે, આજે તમારી પાસે આ મારું છેલ્લું વ્યાખ્યાન હોય, સવારના જો સરકાર મને કૂચ કરવા દેશે તો પણ આ સાબરમતીને પવિત્ર કાંઠે અથવા મારી જિંદગીનું પણ આ છેલ્લું ભાષણ હોય."

"તમે ધારી લો કે આવતી કાલે મને કે મારા સાથીઓને પકડી લીધા હોય તો પણ જલાલપોર લગીનો કૂચનો કાર્યક્રમ તો ચાલવો જ જોઈએ, એ માટેની ભરતી ગુજરાતમાં જ થશે, મારી ખાત્રી છે કે, કૂચની અખંડ ગંગાધાર આવ્યા જ કરશે, અમે બધા પકડાઈ જઈએ તો પણ અશાંતિ મૃદુલ ન થાય, આ મારા શબ્દો મળ્યા, હિદુંસ્તાનમાં પહોચી જાઓ, જો આ હાડકાં કે હું ખપી જાઉં તો પણ અમારું કાર્ય તો પુરૂ થાય ત્યારપછી મહાસભાની વર્કિંગ કમિટી દોરે તે પ્રમાણે તમારે દોરાવાનું છે. મારા સાથીઓ જેઓ અહિંસાને ધર્મ માનતા હોય, તેમના હાથમાં આ લગામ પછી પણ હજો. પરંતુ મહાસભાને જે કાર્યક્રમ ગોઠવવો હોય તે ગોઠવી શકે છે."

૧૨મી માર્ચ હજારો લોકો અમદાવાદમાં આ દાંડીયાત્રા જોવા ઉમટી પડ્યા, અખબારો, કેમેરાવાળા, વિદેશના લોકો પણ આવ્યા, ગાંધીજીએ ૧૨મી માર્ચ, ૧૯૩૦થી દાંડીકૂચની શરૂઆત કરતાં પહેલાં ગાંધીજીએ સાબરમતી આશ્રમમાં પ્રાર્થનાસભામાં

પ્રતિજ્ઞા કરી, તેમના મુખમાંથી ઉદ્ગાર નીકળ્યા, "મારો જન્મ બ્રિટિશ સામ્રાજયનો નાશ કરવા માટે જ થયો છે." “હું કાગડા કુતરાના મોતે મરીશ પરંતુ સ્વરાજ લીધા વિના આ આશ્રમમાં પાછો પગ મુકવાનો નથી."

**દાંડીયાત્રાની શરૂઆત**

ગાંધીજીએ સવારના ૬.૩૦ કલાકે સાબરમતી આશ્રમથી દાંડીકૂચની શરૂઆત ૧૨મી માર્ચ, ૧૯૩૦ બુધવારના રોજ કરી. ગાંધીજીને અમદાવાદની બહાર ચંડોળા તળાવ સુધી અમદાવાદના લોકોએ સાથ આપ્યો. શ્રી ખરે એ ‘રઘુપતિ રાઘવ રાજા રામ’ ની ધૂન સાથે પ્રીતમનું ભજન ‘હરિનો મારગ છે શુરાનો નહિ કાયરનું કામ જોને’ ગાવાની શરૂઆત કરી દીધી. ગાંધીજીએ ૭૮ સાથીઓ સાથે યાત્રાની શરૂઆત કરી. કસ્તુરબાએ ગાંધીજીને તિલક કર્યુ અને પહેલું રોકાણ તેમને અસલાલીમાં કર્યું, રોજ રાત્રે વિસામો અને રાત્રીરોકાણનો નિત્યક્રમ રહ્યો. આમ તમણે ગામેગામ ગાંધીજી પોતાની લડતનો મર્મ સમજાવતા હતા. ૨૪ દિવસની યાત્રા કરી તેઓ દાંડી પહોચ્યા. રસ્તામાં તેમની સાથે બે સાથીઓ જોડાયા અને દાંડીકુચ ૮૧ સત્યાગ્રહીઓ સાથે પૂર્ણ કરી. ૨૪૫ માઈલ કૂચ કરીને ૫ એપ્રિલ, ૧૯૩૦ શનિવાર ૨૫મા દિવસના રોજ દાંડી પહોચ્યા. દાંડીમાં મુસ્લિમ યજમાન સિરાજુદ્દીનવાસી શેઠે તેમનું સ્વાગત કર્યું. ગામના આગેવાનશ્રી એ પણ ઉત્સાહપૂર્વક ગાંધીજીનું સ્વાગત કર્યું.

ગાંધીજી જ્યાં રોકાયા હતા તે, સિરાજુદ્દીનવાસી શેઠે તેમનું મકાન તેમણે આઝાદી પછી રાષ્ટ્રને સમર્પિત કરી દીધું. આ મકાનનું પંડિત જવાહરલાલ નહેરૂએ 'દાંડી સ્મારક' તરીકે ૬ એપ્રિલ, ૧૯૬૧ના રોજ ઉદ્ઘાટન કર્યુ. દાંડીકૂચમાં ગાંધીજીના પરીવારમાંથી કસ્તુરબા, પુત્ર રામદાસ અને મણિલાલ તથા તેમના પૌત્ર કાંતિલાલ હરિલાલ ગાંધીએ ભાગ લીધો. રામદાસ યાત્રા પછી બારડોલીથી આવેલ સ્વયંસેવકો

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

સાથે ભીમરાડ ગામે ૬ એપ્રિલ, ૧૯૩૦ના રોજ મીઠું ઉપાડતા સરકારે ધરપકડ કરી, અને ૬ માસની કેદની સજા થઈ.

ગાંધીજીએ ૬.૦૦ વાગે હજારો યાત્રીઓ સાથે સમુદ્રસ્નાન માટે કિનારે પહોચ્યા, કોઈએ પુછ્યું, " બાપુજી તમે પણ સમુદ્રસ્નાન કરશો કે? તરત જ જવાબ મળ્યો, " જરૂર, જે ધર્મયુધ્ધનો આરંભ કરવો છે તે કાર્ય તો સ્નાન કરીને પવિત્ર બન્યા પછી જ કરાય" એમ કહી તેમણે એક અવધૂત પેઠે લંગોટીભેર સમુદ્રમાં દોટ મુકી. સ્નાન કરી બહાર નીકળ્યા. બરાબર ૬.૩૦ કલાકે ચપટી ભરી અને હજારો લોકોના ગગનભેદી નાદથી સમુદ્રકિનારો ગાજી ઉઠ્યો. " નમક કા કાનૂન તોડ દિયા." ગાંધીજીએ કહ્યુ "બ્રિટીશ સામ્રાજ્યની ઈમારતના પાયામાં લૂણો લગાડું છુ." આમ ૧૯૩૦ ના એપ્રિલની છઠ્ઠી તારીખની પ્રભાતવાણી, ૧૯૪૯માં ઓગસ્ટની ૧૫મી તારીખે સાચી ભવિષ્યવાણી નીવડી એ જગત એ જોયું છે.

આમ ગાંધીજીએ દાંડી અને કરાડી નિવાસ દરમિયાન સતત પરિભ્રમણ કરી આખા ગુજરામાં અને ભારતભરમાં સત્યાગ્રહની પાવક જવાળા પ્રગટાવી અને તે ઉપરાંત ધરાસણાના મીઠાંના અગરો ઉપર ધાડ લઈ જવાનું આયોજન કર્યું. તે બાબતની જાણ વાઇસરોયને પણ કરી. એટલે તા.૫-૫-૧૯૩૦ ના રોજ રાત્રે ૧ વાગે કરાડી માંથી ગાંધીજીની ધરપકડ કરીને ચરવડા જેલમાં પૂરી દીધા.આમ ૧૨માર્ચથી શરૂ થયેલી જગપ્રસિધ્ધ દાંડીકૂચની પૂર્ણાહુતિ થઈ.

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

## -:: સંદર્ભસૂચિ ::-

1. ઈશ્વર પાડવી,(૨૦૧૮). "ગુજરાતનો સંપૂર્ણ ઈતિહાસ", નોલેજ આઈ પ્રકાશન,અમદાવાદ.
2. શાંતિલાલ મ. દેસાઈ, "રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને ગુજરાત",યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,અમદાવાદ.
3. આર.કે.પ્રભુ,(૧૯૬૩). "મારા સ્વપ્નનું ભારત", નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ.
4. મોહનદાસ કરમચંદ ગાંધી,(૧૯૨૭). "સત્યનાપ્રયોગો", નવજીવન પ્રકાશન,અમદાવાદ.
5. મોહનદાસ કરમચંદ ગાંધી,(૧૯૨૨). "હિન્દ સ્વરાજ્ય", નવજીવન પ્રકાશન મંદિર,અમદાવાદ.
6. શિવપ્રસાદ રાજગોર,(૧૯૭૪). "અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ", યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,અમદાવાદ.
7. મોહનદાસ કરમચંદ ગાંધી,(૧૯૪૦). "મંગળપ્રભાત", નવજીવન, અમદાવાદ.